આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- વિરલ રાણા

કોમ્પ્યુટર રાઈઝ- શિવરામ ચૌધરી (પટેલ)

તારખ:-09-12-2024 સમય:-સાજે ૬.૨૫ કલાકે

---

# પીએમ – રાઈન્ડીંગ રાજસ્થાન વૈશ્વિક રોકાણ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, રોકાણ કરવા માટે રાજસ્થાન શ્રેષ્ઠ જગ્યા છે. રાજ્યના વિકાસથી દેશના વિકાસ પર અમારું ધ્યાન કેન્દ્રીત છે. જયપુરમાં રાઈઝીંગ રાજસ્થાન વૈશ્વિક રોકાણ સંમેલનને સંબોધતાં શ્રી મોદીએ આ મુજબ જણાવ્યું હતું. શ્રી મોદીએ ઉમેર્યું, આ સંમેલનથી પ્રવાસન ક્ષેત્રને લાભ થશે. ઊર્જા સુરક્ષામાં રાજસ્થાનનું મોટું યોગદાન હોવાનું પણ શ્રી મોદીએ જણાવ્યું હતું.

**RNU અમદાવાદ**

---

# વિમા સખી યોજના – પી.એમ

અમારી સરકારે છેલ્લા 10 વર્ષમાં મહિલા સશક્તિકરણ માટે અભૂતપૂર્વ પગલાં લીધાં છે. આજે, હરિયાણાના પાણીપતમાં વીમા સખી યોજના અને વિકાસ પરિયોજનાઓનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરતા મને ઘણો આનંદ થાય છે તેવું પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું. વીમા સખી યોજનાનો ઉદ્દેશ મહિલાઓમાં નાણાકીય સાક્ષરતા અને વીમા જાગૃતિ વધારવાનો છે. ભારતની જીવન વીમા નિગમ- L.I.C.ની આ પહેલ ધોરણ-10 પાસ 18થી 70 વર્ષની વયની મહિલાઓને સશક્ત બનાવવા શરૂ કરવામાં આવી છે. તેમને વિશેષ તાલીમ અને પહેલા ત્રણ વર્ષ માટે ભથ્થાના નાણા પણ અપાશે.

**RNU અમદાવાદ**

---

## પી.એમ- સાણદ રામકૃષ્ણ મઠ લેખંબા

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વર્ષ 2047 સુધીમાં વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવા યુવા શક્તિને રાજકારણમાં જોડાવા અને રાષ્ટ્રની પ્રગતિમાં યોગદાન આપવા  હાકલ કરી. અમદાવાદના સાણંદ નજીક લેખંબામાં રામકૃષ્ણ મઠ દ્વારા આયોજિત કાર્યક્રમને વીડિયો કોન્ફરન્સ દ્વારા સંબોધતા પ્રધાનમંત્રીએ યુવા શક્તિને દેશનું ભવિષ્ય ગણાવ્યું હતું.

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------------------

## PMJAY યોજના- પાંચ હોસ્પિટલ સસ્પેન્ડ

PMJAY-મા યોજના અંતર્ગત ગેરરીતિ બદલ રાજ્યની વધુ પાંચ હોસ્પિટલને સસ્પેન્ડ કરવામાં આવી છે.. લેબ રિપોર્ટમાં છેડછાડ, યોજનાની માર્ગદર્શિકાનું ઉલ્લંઘન, બી.યુ. અને ફાયર સેફ્ટીના અભાવ સહિતના કારણોસર આ પાંચ હોસ્પિટલ્સને સસ્પેન્ડ કરાઇ છે.. આ સસ્પેન્ડ કરાયેલી હોસ્પિટલમાં પાટણની બે, દાહોદની એક, અમદાવાદ અને અરવલ્લીની એક-એક હોસ્પિટલનો સમાવેશ થાય છે. સસ્પેન્ડ કરાયેલી આ હોસ્પિટલોને ૫૦ લાખ સુધીનો દંડ અને ક્ષતિઓની પૂર્તતા ન થાય ત્યાં સુધી યોજનામાંથી સસ્પેન્ડની કાર્યવાહી કરાઇ છે.

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------------------

RNU BHUJ

## અકસ્માત – જુનાગઢ –માળિયા ભંડુરી

જૂનાગઢ જિલ્લાના માળિયા હાટીના ભંડુરી પાસે આજે વહેલી સવારે બે કાર વચ્ચે અકસ્માત સર્જાતા 7 લોકોના મોત નિપજ્યા છે. આ અકસ્માતમાં મૃત્યુ પામેલા સાતમાંથી પાંચ વિદ્યાર્થીઓ હતા. વિદ્યાર્થીઓ પરીક્ષા આપવા જઇ રહ્યા હતા, તે દરમિયાન આ અકસ્માત સર્જાયો હતો. અકસ્માતના પગલે કાર સળગતા ગેસના બોટલમાં વિસ્ફોટ થયો હતો. આ વિસ્ફોટના પગલે અકસ્માત સર્જાયો હતો.

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------------------

## હવામાન

દેશની ઉત્તરી પહાડી વિસ્તારોમાં થયેલી હિમવર્ષાની અસર તળે કચ્છમાં પવનની દિશા બદલાતા જિલ્લામાં શિત લહેર છવાઈ જવા પામી છે. નલિયાનું ન્યુનતમ ઉષ્ણતામાન 7.6 ડિગ્રી ન્યુનતમ નોંધાયું છે. ભુજમાં 12.2 ડિગ્રીના લઘુતમ ઉષ્ણતામાન નોંધાયું છે, જેને લઈ ઠંડીનું જોર વધી જતાં વહેલી સવારે શાળાએ જતા બાળકો અને લોકો ગરમ વસ્ત્રોમાં સજ્જ જોવા મળ્યા હતા. જિલ્લા મથક ભુજમાં દિવસ દરમિયાન ફૂંકાતા હળવા પવનોથી ઠંડીના ચમકારામાં વધારો થયો છે. નોંધનીય છે કે શિયાળાની ઋતુમાં અબડાસાના મુખ્ય મથક નલિયામાં સર્વાધીક ઠંડી રહેતી હોય છે જેથી તે વિસ્તારમાં જનજીવનને પણ મહદઅંશે અસર પડે છે.

**પરેશ મારૂ**

---------------------------------------------------------------------------

## ભુજ – ગીતા જયંતિ મહોત્સવ

દક્ષિણા મૂર્તિ ટ્રસ્ટ, આર્ષ અધ્યયન કેન્દ્ર અને સનાતન હિન્દુ સમાજ દ્વારા ગઈકાલે ભુજમાં ગીતા જયંતી મહોત્સવનો ગીતા ગ્રંથયાત્રા સાથે પ્રારંભ થયો હતો. ભુજ ટાઉનહોલ ખાતે આર્ષ અધ્યયન કેન્દ્રના સ્વામી પ્રદીપ્તાનંદ સરસ્વતીએ પ્રારંભ કરતાં જણાવ્યું કે, ગીતા ધર્મ માત્ર આસ્થા નહીં, પણ કર્તવ્ય અને ફરજનું પ્રતિક છે. આ સંસ્થાએ 150 કરોડ વૃક્ષ વાવવાના સંકલ્પ લીધો છે. આ મહોત્સવ દરમિયાન 9મી ડિસેમ્બરથી 12મી ડિસેમ્બર દરમિયાન સાંજે 4થી 6 વાગ્યા સુધી હનુમાન ચરિત્ર અને સાંજે  6.15થી 7 વાગ્યા દરમિયાન સ્વામી પ્રદિપ્તાનંદજી દ્વારા ગીતા જ્ઞાનયજ્ઞનું આયોજન કરાયું છે. મહોત્સવ દરમિયાન રાત્રે સંગીતમય સુંદરકાંડ યોજાશે.

**N.P**

---

## પ્રાકૃતિક ખેતી- વાડાસર – શૈલેષ વેકરિયા

ભુજ તાલુકાના વાડાસર ગામના પ્રગતિશીલ ખેડૂત શૈલેષ વેકરિયાએ પ્રાકૃતિક પધ્ધતિથી કમલમ ફ્રૂટ, વાલ, ઘઉ જેવા પાકોનું સફળ ઉત્પાદન કરી અનેક ખેડૂતો માટે પ્રેરણારૂપ બન્યા છે. શૈલેષ વેકરિયા જણાવે છે કે, વર્ષ 2020થી પરંપરાગત ખેતી છોડી પ્રાકૃતિક ખેતીની શરૂઆત કરી હતી. રાસાયણિક ખાતર અને દવાઓના વપરાશ બંધ થતા જમીન જીવંત બની પરિણામે પાકની ગુણવતા અને ઉત્પાદન વધ્યું છે.

**મા.ખા**

---